For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### સાંસદ અને ધારાસભ્યોની ઉપસ્થિતિમાં પ્રજાલક્ષી પ્રશ્નોની ઉગ્ર રજૂઆત

# સંકલન બેઠકમાં લોકપ્રતિનિધિઓએ જનહિતના પડતર પ્રશ્નો મુદ્દે તંત્રને ઘેર્યું

**કલેક્ટરે** અધિકારીઓને ચોક્કસ સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવા આદેશ આપ્યા



(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે દર મહિનાના ત્રીજા શનિવારે યોજાતી પરંપરાગત માસિક સંકલન સમિતિની બેઠક આજે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષસ્થાને મળી હતી. આ બેઠકમાં વડોદરાના સાંસદ અને વિવિધ વિધાનસભા બેઠકોના ધારાસભ્યોએ ઉપસ્થિત રહીને પોતાના મતવિસ્તારના પડતર પ્રશ્નોની ઉગ્ર રજૂઆત કરી હતી અને તેના ઝડપી નિરાકરણ માટે મહત્વના સૂચનો કર્યા હતા.

બેઠકમાં સાંસદ ડૉ. હેમાંગ જોશી, સયાજીગંજ બેઠકના ધારાસભ્ય કેયુર રોકડિયા, વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સાવલીના ધા રાસભ્ય કેતન ઈનામદાર, કરજણના ધા રાસભ્ય અક્ષય પટેલ અને પાદરાના ધારાસભ્ય ચેતનસિંહ ઝાલા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વહીવટી તંત્ર તરફથી જિલ્લા વિકાસ અધિકારી (DDO) મમતા હિરપરા અને નિવાસી અધિક કલેક્ટર બી.એસ. પટેલ સહિત વિવિધ સરકારી વિભાગોના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

બેઠક દરમિયાન લોકપ્રતિનિધિઓએ પોતાના વિસ્તારના પ્રજાલક્ષી પ્રશ્નો ટેબલ પર મૂક્યા હતા, જેમાં મુખ્યત્વે પીવાના શુદ્ધ પાણી અને ગટર વ્યવસ્થાનું આયોજન, બિસ્માર રસ્તાઓનું સમારકામ અને નવીન રસ્તાઓનું નિર્માણ, તેમજ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વીજળી, આરોગ્ય અને શિક્ષણની સજ્જડ સુવિધાઓ મળે તેવી રજૂઆત કરવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટરએ તમામ સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચના આપતા જણાવ્યું હતું કે, લોકપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરાયેલા તમામ પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ લાવવામાં આવે. વહીવટી પ્રક્રિયાના કારણે જનતાના કામો અટકવા ન જોઈએ અને તમામ કામગીરી ચોક્કસ સમયમર્યાદામાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવામાં આવે. બેઠક બાદ સાંસદ અને ધારાસભ્યોએ નિવેદન આપતા સંતોષ વ્યક્ત કર્યો હતો અને આશા દર્શાવી હતી કે તંત્ર દ્વારા લોકહિતના કામોને વેગ આપવામાં આવશે.

#### નાગરીકોનું એક જ ધક્કામાં પતવું જોઈએ : સાંસદ હેમાંગ જોશી

વડોદરા લોકસભા વિસ્તારની સંકલન બેઠક બાદ સાંસદ હેમાંગ જોશીએ સરકારી કચેરીઓમાં નાગરિકોને પડતી હાલાકી મુદ્દે કડક વલણ અપનાવ્યું. 'વન ડે ગવર્નન્સ' હેઠળ એક જ ધક્કામાં કામ પૂર્ણ થાય તે માટે અધિકારીઓને સૂચના આપી. સાથે રિંગરોડ, આંગણવાડી અને ગ્રામ પંચાયતોના પડતર પ્રશ્નો ઝડપથી ઉકેલવા તાકીદ કરાઈ.

#### લોકહિત એ જ અમારી પ્રાથમિકતા: ચૈતન્યસિંહ ઝાલા

ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, પાવડા ગામમાં મોબાઈલ નેટવર્ક ન હોવાથી લોકોને પડતી મુશ્કેલીઓ અંગે અમે BSNL સમક્ષ ઉગ્ર રજૂઆત કરી છે અને વહેલી તકે ત્યાં કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવાશે. આ ઉપરાંત, ચોમાસું નજીક હોવાથી પાદરા-જંબુસર રોડ પર વરસાદી પાણીના નિકાલ માટે કાંસ બનાવવાની કામગીરી તાત્કાલિક શરૂ કરવા તંત્રને આદેશ આપ્યા છે.

#### કામો થયા એટલે બેઠકમાં આવ્યો : કેતન ઈનામદાર

ધારાસભ્ય કેતન ઈનામદારે જણાવ્યું હતું કે, મેં અગાઉ જ કહ્યું હતું કે પ્રજાના કામો થશે ત્યારે જ હું સંકલન સમિતિની બેઠકમાં આવીશ. આજે મારા જૂના પ્રશ્નો અને લોકહિતના કામોના હકારાત્મક નિરાકરણ આવ્યા બાદ જ હું આ બેઠકમાં ઉપસ્થિત રહ્યો છું. કેનાલોની સફાઈ અને ખેડૂતોના વીજ જોડાણ જેવા પ્રશ્નોનો આ જ મહિનામાં નિકાલ લાવવા મેં મક્કમ રજૂઆત કરી છે.

#### ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ જનહિતના પ્રશ્નો મુદ્દે તંત્રને ઘેર્યું

ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહે રજૂઆત કરી હતી કે, જીએસએફસી દ્વારા દશરથ અને આજુબાજુના 88 જેટલા કામદારોનો કોર્ટના હુકમ છતાં રોકી રાખવામાં આવેલો પગાર વહેલી તકે ચૂકવવા કલેક્ટર અને લેબર કમિશનરને સૂચના અપાઈ છે. આ ઉપરાંત, વેકેશન ખુલતા જ શાળા-કોલેજના વિદ્યાર્થીઓની સુવિધા માટે વાઘોડિયા તાલુકાના બંધ પડેલા તમામ એસ.ટી. બસના રૂટો તાકીદે શરૂ કરવા રજૂઆત કરી છે.

#### કેનાલોની સફાઈ અને વીજ પ્રશ્નો મુદ્દે રજૂઆત : અક્ષય પટેલ

ધારાસભ્ય અક્ષય પટેલે જણાવ્યું હતું કે, ચોમાસા દરમિયાન અમારા વિસ્તારની ભૂખી કાંસ સહિતની કેનાલોમાં પાણી ભરાવાને કારણે દર વર્ષે 3 થી 4 ગામો પૂરની ઝપેટમાં આવી જાય છે અને તંત્રએ કેસડોલ ચૂકવવી પડે છે. આ ગંભીર સમસ્યાના કાયમી નિવારણ માટે ચોમાસા પૂર્વે તમામ કાંસ અને કોતરોની તાત્કાલિક સફાઈ કરવા વહીવટી તંત્રને સંકલન સમિતિમાં કડક સૂચના આપી છે.

#### સુવિધાઓનો વિકાસ એ જ સરકારનું લક્ષ્ય : કેયુર રોકડિયા

ધારાસભ્ય કેયુર રોકડિયાએ જણાવ્યું હતું કે, અમારા વિસ્તારની જનતાની સુખાકારી અને આંતરમાળખાકીય સુવિધાઓનો વિકાસ એ જ સરકારનું લક્ષ્ય છે. બેઠકમાં અલકાપુરી અને ઊંડેરા રેલવે ઓવરબ્રિજની પ્રગતિ, હરિપુરા ગામના વંચિતોને ફરી રાશન આપવા માટે તાકીદનો સર્વે અને ઉનાળામાં વીજ સમસ્યાના કાયમી ઉકેલ માટે લક્ષ્મીપુરા ખાતે નવું સબસ્ટેશન ઝડપથી શરૂ કરવા અંગે સકારાત્મક ચર્ચા થઈ છે.

## શિક્ષકો માટે સરકારે પગાર માટે ૧,૪૨૮.૯૦ કરોડની ગ્રાન્ટ ફાળવી

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

રાજ્ય સરકારે શિક્ષકોના પગાર માટે મોટી ગ્રાન્ટ ફાળવી છે. 34 જિલ્લા માટે કુલ 1,428.90 કરોડની રકમ મંજૂર કરવામાં આવી છે. આ ગ્રાન્ટમાંથી શિક્ષકોનો મે મહિનાનો પગાર અને મોંઘવારી ભથ્થું ચૂકવવામાં આવશે. છેલ્લા કેટલાક સમયથી પગારને લઈને શિક્ષકોમાં ઉચાટ જોવા મળતો હતો, જે હવે દૂર થશે. રાજ્યના 34 જિલ્લાઓની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોને આ ગ્રાન્ટનો સીધો લાભ મળશે. શિક્ષણ વિભાગ દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને ગ્રાન્ટની ફાળવણી કરી દેવામાં આવી છે. શિક્ષણ વિભાગના સૂત્રો મુજબ શિક્ષકોને સમયસર પગાર મળે અને તેમની આર્થિક મુશ્કેલી ન સર્જાય તે માટે સરકારે તાત્કાલિક ધોરણે આ નિર્ણય લીધો છે. આગામી 2-3 દિવસમાં શિક્ષકોના ખાતામાં પગાર જમા થઈ જશે.

### સ્નેહ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનુ મેડિક્લેમ કૌભાંડ

# ખોટા મેડિકલ દસ્તાવેજોના આધારે ૬.૨૪ લાખનો ક્લેમ પાસ કરાવવાનું કાવતરુ

**હોસ્પિટલમાં** આવા કોઈ દર્દીઓની સારવાર ન કરી હોવાનો ડોક્ટરના એફિડેવિટમાં ખુલાસો

(પ્રતિનિધિ) વડોદરા તા.16

અમદાવાદની ફીનીક્સ ઈન્સ્યોરન્સ પ્રા. લી.ના લીગલ મેનેજરે વડોદરાની સ્નેહ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ એન્ડ ICUના મેનેજમેન્ટ સામે ખોટા મેડીકલ દસ્તાવેજોના આધારે ત્રણ અલગ-અલગ વીમા કંપનીઓ પાસેથી રૂ. 6.24 લાખના મેડીકલ ક્લેમ પાસ કરાવવાનો પ્રયાસ કર્યાની ગંભીર ફરિયાદ નોંધાવી છે. તપાસ દરમિયાન સારવાર કરનાર તરીકે દર્શાવાયેલા ડોક્ટરે જ દર્દીઓની સારવાર ન કરી હોવાનું એફિડેવિટ આપતા સમગ્ર કૌભાંડ સામે આવ્યું હતું.

અમદાવાદના તપોવન સર્કલ વિસ્તારમાં રહેતા અને ફીનીક્સ ઈન્સ્યોરન્સ પ્રા.લી.માં લીગલ મેનેજર તરીકે ફરજ બજાવતા પ્રશાંત સુરેન્દ્ર પંવારે ફરિયાદમાં જણાવ્યું છે કે તેમની કંપની વિવિધ હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીઓના મેડીકલ ક્લેમ ઈન્વેસ્ટિગેશનનું કામ કરે છે. જેમાં ICICI લોમ્બાર્ડ, કેર હેલ્થ અને આદિત્ય બિરલા હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીઓનો સમાવેશ થાય છે.

વડોદરાના તાંદલજા વિસ્તારમાં આવેલી સ્નેહ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ એન્ડ ICU સાથે કેશલેસ સારવાર માટે એમઓયુ કરાયુ છે. દરમિયાન ત્રણ અલગ અલગ વીમા ધારકોના નામે હોસ્પિટલ દ્વારા મેડીકલ ક્લેમ રજૂ કરવામાં આવ્યા હતા.

મહારાષ્ટ્રના અરવિંદ સરોજના નામે રૂ. 2.44 લાખ, હરિયાણાના કમલ દેવના નામે રૂ.1.71 લાખ અને ઉત્તર પ્રદેશના સુમિત શુકલાના નામે રૂ. 2.09 લાખના મેડીકલ ક્લેમ સંબંધિત દસ્તાવેજો સંબંધિત વીમા કંપનીઓના પોર્ટલ પર સબમિટ કરાયા હતા. બાદમાં આ તમામ કેસ ઈન્વેસ્ટિગેશન માટે ફીનીક્સ ઈન્સ્યોરન્સ પ્રા.લી.ને મોકલવામાં આવ્યા હતા.


તપાસ દરમિયાન ત્રણેય દર્દીઓની સારવાર કરનાર ડમતરીકે ડો. અક્ષિતકુમાર પટેલનું નામ દર્શાવવામાં આવ્યું હતું. જોકે, નેશનલ મેડિકલ કમિશનની વિગતોના આધારે સંપર્ક કરતા ડોક્ટરે સ્નેહ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં આવા કોઈ દર્દીઓની સારવાર ન કરી હોવાનું જણાવ્યું હતું અને તે અંગે એફિડેવિટ પણ રજૂ કર્યું હતું.

ખોટા સારવારના કાગળો, ડિસ્ચાર્જ સમરી, ડોક્ટરની નોંધો, ટ્રીટમેન્ટ ઓર્ડર શીટ્સ તથા ફાર્મસી બિલો બનાવી ત્રણેય વીમા કંપનીઓ સાથે રુ.6.24 લાખની છેતરપિંડી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સમગ્ર મામલે પોલીસે હોસ્પિટલના મેનેજમેન્ટ અને તપાસ દરમિયાન સામે આવનાર અન્ય શખ્સો વિરુદ્ધ વધુ તપાસ હાથ ધરી છે.

### ડ્રેનેજના કામે વધુ એક શ્રમિકનો જીવ લીધો

# અકોટા-દાંડિયા બજાર રોડ પર મજૂરને કરંટ લાગતા કરુણ મોત

**બે હોસ્પિટલે** શ્રમિકને મૃત જાહેર કર્યો; સુપરવાઇઝર અને કોન્ટ્રાક્ટરના માણસો સ્થળ છોડી ભાગ્યા, સમગ્ર મામલો દબાવવાનો પ્રયાસ?



(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા શહેરમાં વિકાસ કામો વચ્ચે શ્રમિકોની સુરક્ષા મુદ્દે ફરી ગંભીર સવાલો ઊભા થયા છે. અકોટાથી દાંડિયા બજારને જોડતા માર્ગ પર રાત્રિ દરમિયાન ચાલી રહેલી ડ્રેનેજ કામગીરી વખતે એક શ્રમિકને જોરદાર વીજ કરંટ લાગતા તેનું મોત નિપજ્યું હોવાનું સામે આવ્યું છે. ઘટનાથી વિસ્તારમાં અને શ્રમિક વર્ગમાં ભારે અરેરાટી ફેલાઈ છે.

માહિતી મુજબ, ડ્રેનેજના વાલ્વ પાસે કામ કરતી વખતે શ્રમિક અચાનક કરંટ લાગતા બેભાન થઈ અંદર ફસાઈ ગયો હતો. અન્ય મજૂરોએ ભારે જહેમત બાદ તેને બહાર કાઢી વિઠ્ઠલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો. બાદમાં મૃતદેહ ઝાયડસ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં પણ સત્તાવાર રીતે મોત નિશ્ચિત કરાયું.

ઘટના બાદ મામલો દબાવવાનો પ્રયાસ થતો હોવાની ચર્ચા છે. હોસ્પિટલ ખાતે માહિતી મેળવવા પહોંચતા સાઇટના સુપરવાઈઝર અને જવાબદારો સવાલોથી બચતા નજરે પડ્યા હતા. વહીવટી તંત્ર કે કોન્ટ્રાક્ટર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી.

આ બનાવે અનેક સવાલો ઊભા કર્યા છે. જોખમી કામગીરી દરમિયાન શ્રમિકોને પૂરતી સુરક્ષા આપવામાં આવી હતી કે નહીં? બેદરકારી બદલ જવાબદારો સામે કાર્યવાહી થશે કે નહીં? હાલ સમગ્ર મામલે પોલીસ તપાસ અને કડક કાર્યવાહી કરવાની લોકમાગ ઉઠી રહી છે.

## વડોદરા યાર્ડ રિમોડેલિંગથી ટ્રેનોના સંચાલનમાં ફેરફાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં વડોદરા સ્ટેશન પર યાર્ડ રિમોડેલિંગ અને ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ કામગીરી માટે મેજર બ્લોક લેવામાં આવતા આગામી દિવસોમાં કેટલીક ટ્રેનોના સંચાલનમાં અસ્થાયી ફેરફાર કરાયા છે. મુસાફરોની સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખી કેટલીક ટ્રેનોનું ટર્મિનેશન અને ઓરિજિનેશન છાયાપુરી અને બાજવા સ્ટેશનો પરથી કરવામાં આવશે.

ટ્રેન નંબર 19819 વડોદરા-કોટા એક્સપ્રેસ 18 થી 30 મે, 2026 દરમિયાન છાયાપુરી સ્ટેશન પરથી શરૂ થશે અને વડોદરા-છાયાપુરી વચ્ચે રદ રહેશે. જ્યારે 19820 કોટા-વડોદરા એક્સપ્રેસ 17 થી 29 મે સુધી છાયાપુરી ખાતે ટર્મિનેટ થશે. ઉપરાંત 19035 વડોદરા-અમદાવાદ અને 19036 અમદાવાદ-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ 18 થી 30 મે દરમિયાન બાજવા સ્ટેશન પરથી ઓરિજિનેટ અને ટર્મિનેટ થશે. રેલવે તંત્રએ મુસાફરોને મુસાફરી પહેલાં ટ્રેનની માહિતી ચકાસવાની અપીલ કરી છે.

### કોમર્સ અને સાયન્સ ફેકલ્ટીના ડીન, એન્જીનિયરો સાથે સ્થળ સમીક્ષા

# MSUના વીસી એક્શન મોડમાં, પાર્કિંગ સહિતની સમસ્યાઓ મુદ્દે ફેકલ્ટીઓનું નિરીક્ષણ

ખાલી જગ્યાનો પાર્કિંગ માટે ઉપયોગ કરવા કડક આદેશ



(પ્રતિનિધિ) વડોદરા,તા.16

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની સુવિધા અને કેમ્પસની વ્યવસ્થાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે વાઈસ ચાન્સેલર પ્રો. ભાલચંદ્ર ભણગે એક્શન મોડમાં આવ્યા છે. વિદ્યાર્થીઓને પડતી પાર્કિંગ સહિતની સમસ્યાઓના કાયમી નિરાકરણ માટે તેમના દ્વારા વિવિધ ફેકલ્ટીઓનું ખાસ ઈન્સ્પેક્શન હાથ ધરવામાં આવ્યું હતું.

એમએસયુના વીસી પ્રો. ભાલચંદ્ર ભણગેએ શનિવારે વિવિધ ફેકલ્ટીની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય કેમ્પસમાં પાર્કિંગની વ્યવસ્થાને સુધારવાનો તેમજ વિદ્યાર્થીઓને રોજબરોજ નડતી અન્ય સમસ્યાઓનો તાત્કાલિક ઉકેલ લાવવાનો છે. ખાસ કરીને જે ફેકલ્ટીઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ વધારે છે, ત્યાં ટ્રાફિક અને પાર્કિંગનું યોગ્ય સંચાલન થાય તે માટે સ્થળ પર જ સમીક્ષા કરવામાં આવી હતી. આ મહત્વપૂર્ણ ઈન્સ્પેક્શન દરમિયાન વાઈસ ચાન્સેલરની સાથે પ્રો. પ્રજ્ઞેશ શાહ, ડીન, કોમર્સ ફેકલ્ટી, પ્રો. વિપુલ કલમકર, ડીન, સાયન્સ ફેકલ્ટી અને યુનિવર્સિટીનો કન્સ્ટ્રક્શન અને એન્જીનિયરિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. ઈન્સ્પેક્શન દરમિયાન વાઈસ ચાન્સેલર પ્રો. ભાલચંદ્ર ભણગેએ એન્જીનિયરિંગ ટીમને કેમ્પસમાં ખાલી પડેલી જગ્યાઓનો પાર્કિંગ માટે યોગ્ય ઉપયોગ કરવા અને વિદ્યાર્થીઓની અવરજવર સરળ બને તે રીતે નવું આયોજન કરવાના કડક આદેશ આપ્યા છે. કોમર્સ અને સાયન્સ જેવી મોટી ફેકલ્ટીઓમાં માળખાગત સુવિધાઓ વધુ મજબૂત કરવા પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

# ઉજ્જૈન-વડોદરા ટ્રેનમાં મુસાફર સાથે સ્ટાફની દાદાગીરીનો વીડિયો વાયરલ

(પ્રતિનિધિ) વડોદરા,તા.16



ઉજ્જૈન-વડોદરા વચ્ચે દોડતી સ્પેશિયલ એસી સુપરફાસ્ટ ટ્રેનમાં મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ત્યારે, ઉજ્જૈનથી વડોદરા વચ્ચે દોડતી ઈન્દોર-મુંબઈ સેન્ટ્રલ એસી સુપરફાસ્ટ સ્પેશિયલ

ટ્રેન નંબર 09086 જે 16 મે 2026ના રોજ સાંજે 18:25 કલાકે ઉજ્જૈન જંક્શનથી ઉપડીને 17 મેના રોજ રાત્રે 00:37 કલાકે વડોદરા જંક્શન પહોંચે છે. લાંબા અંતરની આ સ્પેશ્યલ ટ્રેનમાં મુસાફરી દરમિયાન મુસાફરોને વિવિધ સવલતો પુરી પાડવામાં આવતી હોય છે. ત્યારે, આ ટ્રેનમાં એક મુસાફરને શનિવારે કડવો અનુભવ થયો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેમાં ટ્રેન સ્ટાફની દાદાગીરી જોવા મળી હતી. ચાદર તકિયા માટે ટ્રેનમાં ફરજ પર હાજર એક કર્મી દ્વારા મુસાફર સાથે અભદ્ર ભાષાનો ઉપયોગ કરી ગેરવર્તણૂક કરવામાં આવી હતી. આ ઘટનાને લઈ મુસાફરોમાં મેનેજમેન્ટ સામે રોષ જોવા મળ્યો હતો. નોંધનીય છે કે, ઉનાળુ વેકેશન અને ઉજ્જૈન મહાકાલ દર્શન માટે જતા યાત્રાળુઓની સંખ્યા વધતા આ રૂટ પરની ટ્રેનોમાં વેઈટિંગ લિસ્ટ લાંબુ ચાલી રહ્યું છે. મુસાફરોએ અગાઉથી બુકિંગ કરાવી લેવા સલાહ આપવામાં આવી રહી છે. જોકે, જે મુસાફરી કરી રહ્યા છે. તેવા મુસાફરો સાથે ટ્રેન સ્ટાફ દ્વારા કરવામાં આવેલા ગેરવર્તનને લઈ સવાલો ઉઠ્યા હતા.

### નીટ યુજીની રીએક્ઝામ આપનાર શહેરના વિદ્યાર્થીઓ તૈયાર

# અગાઉ આપેલી કરતા ૨૧મી જૂને યોજાનાર પરીક્ષામાં સારો સ્કોર થવાની આશા

**પેપર** લીક થયા બાદ એનટીએ દ્વારા નીટ યુજી પરીક્ષા માટેની નવી તારીખ જાહેર

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ ગત 3 મેના રોજ લેવાયેલી મેડિકલ પ્રવેશ માટેની નીટ યુજી પેપર લીકને કારણે રદ થયા બાદ હવે આ પરીક્ષાની નવી તારીખ જાહેર કરવામાં આવી છે. 21 જૂને પરીક્ષા લેવાશે. ત્યારે, વડોદરાના વિદ્યાર્થીઓએ તૈયારીઓ શરૂ કરી દીધી છે અને આ વખતની પરીક્ષામાં વધુ સ્કોર થવાની શકયતા વ્યક્ત કરવામાં આવી છે.

પેપર લીક થયા બાદ એનટીએ દ્વારા નીટ યુજી પરીક્ષા માટેની નવી તારીખ જાહેર કરી છે. રવિવાર 21મી જૂને પરીક્ષા લેવામાં આવશે. રીએક્ઝામનો સમય બપોરે બે વાગ્યાથી સાંજે 5.15 સુધીનો રહેશે. એટલે વિદ્યાર્થીઓને 15 મિનિટનો એક્સ્ટ્રા ટાઈમ મળશે. તેઓ રીએક્ઝામમાં પોતાની પસંદગીનું સેન્ટર સિલેક્ટ કરી શકશે. વિદ્યાર્થીઓ પાસેથી વધારાનો કોઈ પરીક્ષા શુલ્ક લેવામાં નહિ આવે. પહેલેથી જમા ફી પરત કરાશે. નવા એડમિટ કાર્ડ 14 જૂનથી જારી કરાશે. 3 મેના રોજ લેવાયેલી પરીક્ષામાં અગાઉ વડોદરમાંથી 17 કેન્દ્રો પરથી આશરે 7 હજાર ઉપરાંત વિદ્યાર્થીઓએ નીટ યુજીની પરીક્ષા આપી હતી. ત્યારે, હવે અગાઉ થયેલી ચુક બાદ રીએક્ઝામમાં કોઈ ગેરરીતિ ન સર્જાય તે માટે તંત્ર દ્વારા ખાસ એક્શન પ્લાન ઘડી દેવામાં આવ્યો છે.

સીસીટીવી કેમેરા, પ્રવેશ સમયે મેટલ ડિટેક્ટરથી વિદ્યાર્થીઓનું ચેકિંગ, ફિઝિકલ ચેકિંગ, દરેક કેન્દ્રો ખાતે બેથી વધુ અધિકારીઓની નિયુક્તિ સહિત પોલીસનો પણ ચુસ્ત બંદોબસ્ત ખડકી દેવાશે. ત્યારે બીજી વખત પરીક્ષા આપનાર વડોદરા શહેરના વિદ્યાર્થીઓમાં બીજી વખત પરીક્ષા આપવાનો ઉત્સાહ બેવડાવ્યો છે. વિવિધ સ્કૂલો અને કોચિંગ ક્લાસીસ દ્વારા પણ ખાસ ટેસ્ટ સીરીઝ ચલાવવામાં આવી છે. વિદ્યાર્થીઓ પણ આ પરીક્ષાની તૈયારીમાં જોડાઈ ગયા છે અને અગાઉ આપેલી પરીક્ષા બાદ આ રીએક્ઝામમાં વધુ સ્કોર થશેનો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

#### આટલા લાંબા ગાળે કર્યું એને હવે ટૂંકા ગાળામાં કરવું અઘરું



પહેલા તો બે વર્ષથી જે વાંચ્યું છે. એ જ ફરીથી રીવાઇઝ કરવાનું છે અને આમ પણ, જે આટલા લાંબા ગાળે કર્યું એને હવે ટૂંકા ગાળામાં કરવું અઘરું છે અને આમ પણ ઉતાવળે આંબા ના પાકે એટલે ઓછા સમયમાં બધું કરવા ટ્રાય કરીશું અને થશે જ. કેમકે અમારા પેરેન્ટ્સ અમારા ભગવાન અને ટીચર બધા જોડે જ છે, એટલે થઈ જશે. ફરીથી સમય તો આવ્યો છે. તૈયારી કરીશું, જે પહેલા લાવ્યા માર્ક્સ એ કદાચ ઓછા લાગતા હોય તો એનાથી વધારે લાવવા ટ્રાય કરીશું. - **યશ્વી પટેલ,** વિદ્યાર્થિની

#### પોઝિટિવ માઈન્ડ સાથે રેડી થવાનો પ્રયત્ન કરીશું



"અમે પોઝિટિવ માઈન્ડસેટ સાથે પરીક્ષાની તૈયારી કરવા પ્રયત્ન કરી રહ્યા છીએ અને ચોક્કસ સફળતા મળશે એવો વિશ્વાસ છે. સ્કૂલ તરફથી સતત સારું માર્ગદર્શન મળી રહ્યું છે. શિક્ષકો દ્વારા શરૂ કરાયેલી ટેસ્ટ સિરીઝ અમારી માટે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહી છે, કારણ કે તેનાથી અમારી તૈયારી વધુ મજબૂત બની રહી છે. સૌથી મહત્વની વાત એ છે કે સ્કૂલ મેનેજમેન્ટ અને શિક્ષકોએ અમારો સાથ છોડ્યો નથી અને સતત અમારી સાથે જોડાયેલા રહ્યા છે. અમે ટેસ્ટ સિરીઝમાં ભાગ લઈને વધુમાં વધુ સારા માર્ક્સ મેળવવાનો પ્રયાસ કરીશું અને ઉત્તમ પરિણામ લાવવા માટે સંપૂર્ણ મહેનત કરીશું." - **રાઠોડ ચાંદની**

#### સ્કૂલ તરફથી ટેસ્ટ ગોઠવાયા એનાથી અમારો સ્કોર બુસ્ટ થશે



"અત્યાર સુધી જે કંઈ થયું તે ભૂલીને હવે અમે સંપૂર્ણ તૈયારી સાથે પરીક્ષા આપવા માટે તૈયાર છીએ. વધુમાં વધુ સારો સ્કોર મેળવવાનો અમારો પ્રયાસ રહેશે. સ્કૂલ તરફથી સતત માર્ગદર્શન અને સહયોગ મળી રહ્યો છે. ઉપરાંત, સ્કૂલમાં નિયમિત લેવાતી ટેસ્ટ અને પ્રેક્ટિસ પરીક્ષાઓ અમારો આત્મવિશ્વાસ વધારવામાં ખૂબ મદદરૂપ બની રહી છે. આ પરીક્ષાઓ દ્વારા અમારી તૈયારી વધુ મજબૂત બની રહી છે અને ક્યાં સુધારાની જરૂર છે તે પણ સમજાઈ રહ્યું છે. અમને વિશ્વાસ છે કે શિક્ષકોના માર્ગદર્શન અને મહેનતના આધારે અમે સારું પરિણામ મેળવી શકીશું." : મનમોહન ખત્રી

# લૉના અભ્યાસક્રમમાં હવે ફરજિયાત ભણાશે ફોરેન્સિક

**નવી ભારતીય** ન્યાય સંહિતામાં ફોરેન્સિકને ભાગ બનાવાતા LLM અને ડિપ્લોમા કોર્સમાં સામેલ કરાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

કાયદાના વિદ્યાર્થીઓ માટે હવે લોના અભ્યાસક્રમમાં ફોરેન્સિકનો પાઠ ફરજિયાત ભણાવવામાં આવશે. નવી ભારતીય ન્યાય સંહિતામાં ફોરેન્સિકને એક ભાગ તરીકે સામેલ કરવામાં આવતા આ નિર્ણય લેવાયો છે.

નવી ભારતીય ન્યાય સંહિતામાં ફોરેન્સિકને એક ભાગ તરીકે સામેલ કરવામાં આવેલ છે. તમામ યુનિવર્સિટીઓ અને લો કોલેજોના અભ્યાસક્રમમાં હવે ફોરેન્સિકનો વિષય ઉમેરાશે. યુનિવર્સિટીઓ એલએલએમ અને ડિપ્લોમાના અભ્યાસક્રમમાં ફોરેન્સિકને સામેલ કરશે. લો ના અભ્યાસક્રમમાં ભારતીય ન્યાય સંહિતાના ભાગ તરીકે ફોરેન્સિકના ઉપયોગ વિશે માહિતી આપવામાં આવશે. વિદ્યાર્થી ઓને શીખવવામાં આવશે કે, ફોરેન્સિકનો ઉપયોગ કરીને કઈ રીતે વૈજ્ઞાનિક સિદ્ધાંતો અને તકનીકોનો ઉપયોગ કરીને ગુનાહિત અને સિવિલ કેસોની તપાસ કરવામાં આવે છે.

નવા કાયદાઓમાં વૈજ્ઞાનિક પુરાવાનું મહત્વ વધ્યું છે. કોર્ટમાં ફોરેન્સિક રિપોર્ટ, ડીએનએ, ફિંગરપ્રિન્ટ જેવા પુરાવા નિર્ણાયક સાબિત થાય છે. આથી ભવિષ્યના વકીલો, ન્યાયાધીશો અને તપાસ અધિકારીઓને ફોરેન્સિકની પ્રાથમિક સમજ હોવી જરૂરી છે. આ ફેરફારથી કાયદાના વિદ્યાર્થીઓ માત્ર કલમો જ નહીં, પણ ગુનાની તપાસની વૈજ્ઞાનિક પ્રક્રિયા પણ સમજી શકશે, જેનાથી ન્યાય પ્રણાલી વધુ મજબૂત બનશે.

### સામાન્ય દિવસ પળવારમાં માતમમાં ફેરવાયો

# લક્ષ્મીપુરામાં ફેબ્રિકેશનના કામ દરમિયાન ઓક્સિજન સિલિન્ડર ફાટતાં શ્રમિકનું મોત

**39 વર્ષીય** મુકેશગીરી પર કાળનો પંજો, પ્રચંડ બ્લાસ્ટ બાદ હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ દમ તોડ્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.16

શહેરના લક્ષ્મીપુરા વિસ્તારમાં આવેલ રડિયાદબા નગરમાં એક હૃદયદ્રાવક અને ચકચાર મચાવનારી દુર્ઘટના સામે આવી છે, જેમાં ફેબ્રિકેશનનું કામ કરી રહેલા એક નિર્દોષ શ્રમિકે પળવારમાં પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. સામાન્ય દિવસની જેમ રોજગારી મેળવવા માટે કામ પર નીકળેલા યુવાનનું ઓક્સિજન સિલિન્ડર બ્લાસ્ટ થવાના કારણે કરૂણ મોત નીપજતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને મૃતકના પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

મળતી વિગતો અનુસાર, 39 વર્ષીય મુકેશગીરી નામના શ્રમિક લક્ષ્મીપુરાના રડિયાદબા નગરમાં ફેબ્રિકેશનનું કામ કરી રહ્યા હતા. હંમેશની જેમ તેઓ પોતાના રોજીંદા કામકાજમાં વ્યસ્ત હતા, તે દરમિયાન અચાનક જ ત્યાં રાખવામાં આવેલો ઓક્સિજન સિલિન્ડર પ્રચંડ ધડાકા સાથે ફાટ્યો હતો. સિલિન્ડર બ્લાસ્ટ એટલો ભયાનક હતો કે મુકેશગીરી તેની ચપેટમાં આવી ગયા હતા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ધડાકાનો અવાજ સાંભળીને આસપાસના સ્થાનિક લોકો અને અન્ય શ્રમિકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

સ્થાનિક લોકોએ અત્યંત લોહીલુહાણ હાલતમાં મુકેશગીરીને સારવાર અર્થે નજીકની ગોત્રી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. જો કે, હોસ્પિટલના ફરજ પરના તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. હોસ્પિટલના તબીબોના જણાવ્યા અનુસાર, ગંભીર ઈજાઓના કારણે તેમને બચાવી શકાયા ન હતા. આ ઘટનાને પગલે સ્થાનિક પોલીસને પણ જાણ કરવામાં આવી છે અને પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એક સામાન્ય કામકાજના દિવસે પળભરની અંદર બનેલી આ દુર્ઘટનાએ આખું જીવન સમાપ્ત કરી દીધું છે. આ બ્લાસ્ટ કયા કારણોસર થયો અને સિલિન્ડરમાં કોઈ ખામી હતી કે કેમ તે અંગે વધુ વિગતો બહાર આવશે